## બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, અમદાવાદ.

નં. એલ.એ.કયુ.કેસ નં ૩એ/૨૦૧૮

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩

વિષય: જમીન સંપાદન – અમદાવાદ

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન - અમદાવાદ

મોજે:- મેમનગર તા:- ઘાટલોડીયા , જી.અમદાવાદ (ગુરૂકુલ મેટ્રો સ્ટેશન)

સંપાદક સંસ્થા: ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લી.) (ભારત સરકારશ્રી, અને સહભાગી રાજ્ય સરકારશ્રીનું સંયુક્ત સાહસ)

એવોર્ડ

[ કલમ- ૨૩ અને ૨૭ નીચે ]

**પ્રસ્તાવના** :-

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે અમદાવાદ જિલ્લામાં આવતી પથરેખામાં આવતાં શહેરી વિસ્તારોની જમીન સંપાદન કરવા માટે સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લિ.) ની તા.૨૪/૦૧/૨૦૧૮ ની જમીન સંપાદનની દરખાસ્ત અધિક ચીટનીશ શાખા, કલેકટર કચેરી અમદાવાદના તા. ૦૧/૦૨/૨૦૧૮ ના પત્રથી આ કચેરીને મળેલ. સદરહું હેતુના જમીન સંપાદન માટે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩" એ મુજબ ઉલ્લેખ કરેલ છે તે) ની કલમ-૧૦એ નીચે સામાજિક અસર સમીક્ષા મુક્તિની દરખાસ્ત સહિત જમીન સંપાદનની દરખાસ્ત સંપાદક સંસ્થાએ અત્રેને રજુ કરતાં અત્રેની કચેરી ધ્વારા તેની ચકાસણી કરીને યોગ્ય જણાતાં સદરહું જમીન સંપાદનના કામે જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ અને તેમાં થયેલ ગુજરાત જમીન સંપાદન સુધારા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૧૨) ની જોગવાઇઓ અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવી.

**(૧) અધિનિયમ નીચેના જાહેરનામાં તથા તેની પ્રસિધ્ધિ :-**

| | |
|---|---|
| (૧) નવો જમીન સંપાદન કાયદો -૨૦૧૩ ની કલમ-૧૦-એ ના પ્રકરણ ૨ અને ૩ મુજબના જાહેરનામનો નંબર /તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૮-૩૫૩-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ તા.૨૭/૦૪/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામા ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૩૮૦-૧ થી ૩૮૦-3 ઉપર તા.૨૭/૦૪/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર " માં તા.૦૭/૦૫/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ડીએનએ " માં તા.૦૬/૦૫/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |

| | |
|---|---|
| (૨) કલમ-૧૦એના જાહેરનામાની સ્થળ પ્રસિધ્ધની વિગત | કલમ-૧૦એ ના જાહેરનામાની પ્રસિધ્ધિ તા.૦૬/૦૫/ ૨૦૧૮ થી તા.૧૭/૦૫/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૩) નવો જમીન સંપાદન કાયદોની કલમ-૧૧(૧)અને કલમ-૪૩ મુજબના પ્રાથમિક જાહેરનામાના નં. તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૬૮૭-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ તા.૨૮/૦૯/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૮૦૮/૧ થી ૮૦૮/૩ ઉપર તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર " માં તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ફાઇનાન્સિયલ એક્સપ્રસ "માં તા.૦૧/૧૦/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૪) કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ના જાહેરનામાઓની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ની નોટીસ પ્રસિધ્ધ તા.૨૯/૦૯/૨૦૧૮ થી તા.૦૭/૧૨/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૫) નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાનો નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૧૯-૪૩-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ તા.૧૬/૦૧/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં......ઉપર તા......ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર " માં તા.૨૩/૦૧/૨૦૧૯ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ડીએનએ" માં તા.૨૪/૦૧/૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૬) કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૨૨/૦૧/૨૦૧૯ થી તા.૦૬/૦૨/૨૦૧૯ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૭) નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબર: અમ-૨૦૨૦-૧૧૯-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ તા. ૧૭ /૦૨/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૧૭૭-૧ થી ૧૭૭-૨ ઉપર તા..૧૭/૦૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા. ૨૬/૦૨/૨૦૨૦ અને અંગ્રેજી વર્તમાનપત્ર "વેસ્ટર્ન ટાઇમ્સ " માં તા.૨૬/૦૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |

| | | |
|---|---|---|
| (૮) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના ના સ્થળ પ્રસિધ્ધિની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૧૭/૦૨/૨૦૨૦ થી તા.03/03/૨૦૨૦ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |

જમીન સંપાદન ધારાની કલમ- ૧૧ (૧) નું જાહેરનામું તથા હેઠળની નોટીસની બજવણી નિયમાનુસાર કરીને સદરહું જમીન સંપાદન સામે વાંધાઓ હોય તો તે નિયત ૬૦ દિવસની સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવેલ. તેના અનુસંધાને સદરહું જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. જેથી કાયદાની કલમ ૧૫(૨) નીચે માહિતિ શૂન્ય હોય તે અંગેના અહેવાલ સાથે જમીન સંપાદન અધિનિયમની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ.નં. ૩એ/૨૦૧૮/મેટ્રો રેલ /આખરી જાહેરનામા /કલમ-૧૯(૧)મેમનગર/ વશી-૨૯૫૨/૨૦૧૮, તા.૧૩/૧૨/૨૦૧૮ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ.

તેના અનુસંધાને જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૧૯-૪૩-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ, તા.૧૬/૦૧/૨૦૧૯ થી મંજુર કરી, યાદી નં.જઅમ-૧૨૧૮-૩૭૦ -ધ, તા.૧૬-૦૧-૨૦૧૯ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. જે મુજબ કલમ-૧૯(૧) નું આખરી જાહેરનામું તા. ૧૬-૦૧-૨૦૧૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ. ત્યારબાદ સદર જાહેરનામાની મુદત તા.૧૫- ૦૧-૨૦૨૦ ના રોજ પુરી થતી હોવાથી જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૩(૭) હેઠળ મુદત વધારી આપવા બાબતનુ જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/કેસ નં.૩એ/૨૦૧૮/મેટ્રો રેલ જમીન સંપાદન/મેમનગર/કલમ-૧૯(૧)/વશી-૨૮૪૯/૨૦૧૯ તા.૨૭/૧૨/૨૦૧૯ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ. જે સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૨૦-૧૧૯-મ-જઅમ-૧૨૧૮-૩૭૦-ધ, તા.૧૭/૦૨/૨૦૨૦ થી મંજુર કરી યાદી નં.જઅમ-૧૨૧૮-૩૭૦-ધ, તા.૧૭-૦૨-૨૦૨૦ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ.

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧(૧)(૨) હેઠળની જાહેર નોટીસ તથા કલમ-૨૧(૪)(૫) નીચેની વ્યક્તિગત નોટીસોની અત્રેની કચેરીએથી તા.૧૦/૦૪/૨૦૧૯ ના રોજ બજવણી કરવામાં આવેલ. જે નોટીસ સરકારી ચાવડી તથા અન્ય જાહેર સ્થળોએ જોઇ શકાય તેવી જગ્યાએ તા. ૧૨/૦૪/૨૦૧૯ ચોંટાડવામાં આવેલ અને સંબંધિત હિતધારક/કબજેદારોના હક્કદાવાની સુનાવણી અત્રેની કચેરીમાં તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ.

(૩) **માલીકી હક્ક :-**

મોજે:- મેમનગર તા:- ઘાટલોડીયા , જી.અમદાવાદની સંપાદન થતી જમીનો/મિલકતોના પ્રોપર્ટી કાર્ડ તથા કબજા હકના સરકારી સીટીસર્વે રેકર્ડના દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ કબજેદારોના નામ ખરા માનવામાં આવે છે.

(૪) **સંપાદન થતી જમીન / મિલકતની સંયુક્ત માપણી:-**

સંયુકત માપણીના ફકરા નં.૧૦૪ માં જણાવ્યા મુજબ કલમ-૧૯ હેઠળના આખરી જાહેરનામામાં સમાવિષ્ટ કર્યા મુજબની આ સાથેના પરિશિષ્ટ-એ માં જણાવેલ જમીનના કબજેદાર/હિતધારકોની સંપાદન થતી જમીનના ક્ષેત્રફળ કે તેની સંયુક્ત માપણી સામે કોઇ વાંધા ઉઠાવેલ નથી. જેથી સંયુક્ત માપણીના ક્ષેત્રફળને ચુકાદાના હેતુ માટે સાચું ગણવામાં આવે છે.

(૫) **સંપાદન થતી જમીનની સ્થળ, સ્થિતનું વર્ણન :-**

સંપાદન હેઠળની જમીન મેમનગરની હદ માં આવેલ છે. તથા આ જમીન બિનખેતી ઉપયોગની ચાલી આવે છે. સંપાદન હેઠળની જમીનો સમતળ સપાટી ધરાવતી જમીનો છે. સંપાદન હેઠળની જમીનો બિનખેતીની છે.

(૬) **વળતર દાવા અંગે હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-**

વળતરના હકદાવાની સુનાવણી વખતે વળતરની માંગણીના સમર્થનમાં હિત ધરાવતી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇ પુરાવા રજુ કરેલ નથી. જેથી વિગતવાર ચર્ચા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૭) **દાવાના સમર્થનમાં હીત ધરાવનાર કબજેદારોની રજુઆત :-**

વળતરના હકદાવાના સમર્થનમાં હિતધારક/કબજેદારો તરફથી કોઇ રજુઆત થયેલ છે પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. આ અંગે પરિશિષ્ટ-બી માં માહિતિ દર્શાવેલ છે.

(૮) **વળતરના દાવા અંગે સંપાદક સંસ્થાની રજુઆત :-**

સંપાદક સંસ્થાને હક-દાવાની સુનાવણી વખતે હાજર રહેવા માટે લેખિત જાણ કરેલ હોવા છતાં સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. તરફથી સુનાવણીમાં કોઇ પ્રતિનિધિ હાજર રહેલ છે પરંતુ કોઇ લેખિત પુરાવા રજુ કરેલ નથી.

(૯) **જમીનનું મુલ્યાંકન:-**

જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ૨૭, ૨૮, ૨૯, ૩૦ ને ૮૦ ની જોગવાઇઓ મુજબ સદરહું કેસમાં સંપાદિત જમીનનું વળતર નક્કી કરવાનું રહે છે. તદ્દનુસાર જમીન સંપાદન અધિનિયમની કલમ-૨૬(૧)(સી) નીચેના પ્રોવીઝોની જોગવાઇ મુજબ જમીન સંપાદન અધિકારીશ્રીએ સંપાદન હેઠળની જમીનનું, સદરહું અધિનિયમની કલમ-૧૧(૧) નીચેનું પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખની સ્થિતિએ બજાર કિંમત નક્કી કરવાની રહે છે. તદ્દનુસાર સંપાદન હેઠળની જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે અધિનિયમની કલમ-૨૬(૧) ની જોગવાઇઓ પ્રમાણે બજારભાવ નક્કી કરવાનો થાય છે. તે હેતુ માટે મોજે:-મેમનગર તા:- ઘાટલોડીયા , જી.અમદાવાદની જમીનોના સંપાદન માટે અધિનિયમની કલમ-૧૧(૧) નીચેના પ્રાથમિક જાહેરનામાની તારીખ ૨૮/૦૯/૨૦૧૮ની અગાઉના ત્રણ વર્ષના બિનખેતીની જમીનોના વેચાણો આધારે મળેલ પ્રતિ ચો.મી. જમીનના વેચાણ ભાવોને ઉતરતા ક્રમે ગોઠવેલ છે. તેમાં બિનખેતીની જમીનો માટે ઉપલબ્ધ વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં આ સાથેના પરિશિષ્ટ-સી-Shee-I મુજબ સરેરાશ વેચાણ કિંમત મળેલ છે. સંપાદન હેઠળના. ટી.પી.સ્કીમ નં. ૧ મેમનગરના ફા.પ્લોટ નં. ૨૭૨,૨૭૩,અને ૨૮૯ નો સને-૨૦૧૧ ની પ્રવર્તમાન જંત્રી મુજબનો વેલ્યુઝોન ૪૭/૧/૨/એ ના ખુલ્લા પ્લોટનો જંત્રી ભાવ રૂ. ૧૬૨૫૦/- પ્રતિ ચો.મી દર્શાવેલ છે. મોજે- મેમનગર તા.ઘાટલોડીયામાં તા.૨૯-૯-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૮ સુધીમાં ટી.પી.સ્કીમ નં. ૧ માં કોઇ ખુલ્લા પ્લોટનું વેચાણ થયેલ નથી. તેથી વેલ્યુઝોન નં. ૪૭/૧/૨/એ ના ખુલ્લા પ્લોટનો જંત્રી ભાવ ધ્યાને લેવાનો થતો હોઇ સંપાદીત જમીનનો બજારભાવ નીચે મુજબનો નક્કી કરવાનો થાય. તેના અનુસંધાને સંપાદન હેઠળની જમીનના નક્કી કરેલ બજાર ભાવ પરિશિષ્ટ-સી Sheet-II મુજબ

ખાસ જમીન સંપાદન અધિકારી, જી. અમદાવાદ

મળેલ છે. આ કામે પરિશિષ્ટ-એ મુજબ સંપાદિત થતી દરેક સ.નં.ની બિનખેતીની જમીન માટેના, કલમ-૧૧(૧) ના પ્રાથમિક જાહેરનામાની તારીખે પ્રવર્તમાન જંત્રી ભાવોને ઉક્ત સંપાદિત થતી

જમીનનો બજાર ભાવ નક્કી કરવાના કામે ધ્યાને લીધેલ છે અને આ સરેરાશ વેચાણ કિંમત અને જે તે સ.નં.ની જમીનના પ્રવર્તમાન જંત્રી ભાવ પૈકી જે રકમ ઊંચી હોય તેને સદરહું સંપાદન હેઠળની જમીનના સ્વીકૃત બજાર ભાવ તરીકે પરિશિષ્ટ-સી ના Sheet-II માં જણાવવામાં આવેલ છે. તે Sheet-II માં જણાવેલ સ્વીકૃત બજારભાવને સંબંધિત સ.નં.ની સંપાદિત જમીન માટે ચૂકવવાનું વળતર નક્કી કરવા માટેના બજાર ભાવ તરીકે ઠરાવવામાં આવે છે અને તે મુજબ ગણતરી કરીને નક્કી કરેલ સંપાદિત જમીનના ચુકવવાપાત્ર વળતરની વિગત પરિશિષ્ટ-ઇ માં દર્શાવવામાં આવે છે.

**(૧૦) અન્ય હક્કદાવા:-**

જમીન/મિલકતના કબજેદારો તથા સંપાદક સંસ્થા ધ્વારા કોઇ અન્ય હક્કદાવા રજુ થયેલ નથી. પરંતુ જે તે સંપાદિત જમીનોમાં સ્થિત સ્ટ્રકચર્સનું વળતર જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ની પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા મુજબ પરિશિષ્ટ-ડી માં અલગથી આકારવામાં આવેલ છે.

**(૧૧) મલ્ટી પ્લાઇંગ ફેક્ટર:-**

આ કેસમાં સંપાદન હેઠળની જમીનો શહેરી વિસ્તારની હોવાથી જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૨૬ ની પેટા કલમ (૨) અને પ્રથમ અનુસૂચિની જોગવાઇ મુજબ, ઉપરોકત પેરા-(૯) ની વિગતે આકારેલ વળતર માટેની બજાર કિંમતને ૧ (એક) ગુણાંકથી ગુણીને મળેલ એકંદર બજાર ભાવ આધારે સંપાદન હેઠળની જમીનની વળતરની કુલ કિંમત પરિશિષ્ટ-ઇ મુજબ નક્કી કરવામાં આવેલ છે.

**(૧૨) સોલેશ્યમ :-**

જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ની કલમ-૨૬ હેઠળ સંપાદિત જમીનના વળતર માટે પેરા (૯) અને (૧૧) ની વિગતે નક્કી થયેલ બજાર કિંમત ઉપર ૧૦૦% સોલેશ્યમ (વળતર રાહત) ની રકમ આકારવામાં આવેલ છે.

**(૧૩) ૧૨ ટકા પ્રમાણે ભાવવધારો:-**

સદરહુ કેસમાં સંપાદન હેઠળની જમીન માટે નક્કી કરેલ બજાર કિંમત ઉપર કાયદાની કલમ-૧૦એ નીચેના જાહેરનામાથી મળેલ SIA મુક્તિના અનુસંધાને કલમ-30(3) મુજબ સંપાદિત જમીન માટે અધિનિયમની કલમ-૧૧(૧) ના જાહેરનામાની તારીખથી એવોર્ડની તારીખ સુધી પુરા થતાં વર્ષ અને માસ માટેની મુદત સુધી આ કેસમાં ૧૨% ભાવ વધારો આકારવામાં આવેલ છે.

**(૧૪) વ્યાજની ચુકવણી:-**

સદરહું કેસમાં સંપાદન હેઠળની જમીનનો આગોતરો કબજો લેવામાં આવેલ નથી. જેથી કલમ-૮૦ નીચે કાંઇ પણ વ્યાજની ચૂકવણી કરવાની થતી નથી.

**(૧૫) આગોતર વળતર :-**

સદરહુ કેસમાં આગોતર વળતરની ચૂકવણી કરવામાં આવેલ નથી.

**(૧૬) જમીન સંપાદનના કેસોમાં સરકારશ્રી દ્વારા મહેકમ ખર્ચ વસુલ કરવા બાબત:**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એલએકયુ/૨૦૧૯/૨૦૦૬-ઘ, તા.૨૬/૧૨/૨૦૧૯ થી, બોર્ડ, કોર્પોરેશન, નેશનલ હાઇવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વિગેરે જેવી કોઈ સંસ્થા, બોર્ડ, કોર્પોરેશન માટે જમીન સંપાદનના કેસોમાં સંબંધિત સંપાદક સંસ્થા પાસેથી મહેકમ ખર્ચ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ, સંપાદક સંસ્થા બોર્ડ, કોર્પોરેશન માટે સંપાદન થયેલ જમીનના એવોર્ડથી આકારેલ કુલ વળતર રૂા. ૧ કરોડ સુધી હોય ત્યાં, કુલ વળતરની રકમના ૧% અથવા રૂા. ૧,૦૦,૦૦૦/- બેમાંથી જે વધારે રકમ હોય તે, રકમ મહેકમ ખર્ચ તરીકે વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. સદરહુ કેસમાં કુલ સંપાદિત થયેલ ક્ષેત્રફળ ૫૧.૯૮ ચો.મી. જમીન માટે કુલ રૂા. ૧૯,૧૯,૮૦૪/-(અંકે રૂપીયા ઓગણીસ લાખ ઓગણીસ હજાર આઠસો ચાર પુરા) નું વળતર આકારવામાં આવેલ હોઇને અને આ રકમ રૂપિયા ૧ કરોડ સુધીની હોઇ ઓછામાં ઓછો મહેકમ ખર્ચ રૂા .૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા)સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. પાસેથી અધિનિયમની કલમ-૯૫ ની જોગવાઇ મુજબ અત્રેની કચેરીમાં જમા કરાવ્યેથી અત્રેની કચેરીએથી સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવું છું.

**(૧૭) જમીનનો ઉપયોગ બદલવા માટે જમીનના કબજેદાર/ ખાતેદારે સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બખપ-૧૦૭૯-૧૬૮-ક, તા.૧૩/૨/૧૯૭૯ થી કરેલ જોગવાઇ અનુસાર, સંપાદન થયેલ જમીનો જયારે સંપાદક સંસ્થાને બીનખેતીના ઉપયોગ માટે અપાય ત્યારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ- ૬૭એની જોગવાઇઓ હેઠળ નિયમ મુજબનો રૂપાંતર વેરો વસુલ કરવાનો થાય છે. સદરહુ હેતુસર, ગુજરાત સરકારશ્રી દ્વારા, ગુજરાત જમીન મહેસુલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬, (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૩) તા. ૨૧/૩/૨૦૧૬ થી ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જે સુધારા અધિનિયમ ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૧/૩/૨૦૧૬ ના ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાત કાયદા નં-૩/૨૦૧૬ અનુસાર તા.૨૧/૩/૨૦૧૬થી સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમની કલમ-૬ ની પેટા કલમ-(૪) થી ગુજરાત રાજયમાં જમીનના બીનખેતી ઉપયોગ માટે સરકારશ્રીને ભરવાપાત્ર રૂપાંતરવેરાના નક્કી કરેલ સુધારેલ દરો મુજબ મોજે:-મેમનગર,તા:- ઘાટલોડીયા, જી.અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણના હેતુ માટે સંપાદન કરેલ શહેરી વિસ્તારની ખેતીની જમીનોનો બિનખેતી ઉપયોગ કરવા માટે સદરહુ પેટા કલમ મુજબ રૂા. ૩૦/- પ્રતિ ચો.મી. લેખે સંપાદિત જમીનના કુલ ક્ષેત્રફળ મુજબની રકમ સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી. એ ગુજરાત સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા ઠરાવું છું.

(૧૮) સંપાદન થયેલ જમીન અંગે સંપાદક સંસ્થાએ બિનખેતી ઉપયોગ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ અને નિયમ-૮૬ મુજબ બિન-ખેતી આકાર ભરવા બાબત :-

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક: એલએક્યુ/૨૨૬૬/એલ.એ-૪ તા.૧૬/૫/૧૯૬૭ થી સંપાદક સંસ્થાએ સંપાદિત થયેલ જમીનો અંગે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ મુજબ બિન-ખેતી હેતુનું મહેસુલ ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું પરિપત્રની જોગવાઇ મુજબ, આ હેતુ માટે સંપાદક સંસ્થા પાસેથી બિનખેતીનો

આકાર વસુલ કરવા માટે અને તે આકાર કઇ તારીખથી વસુલ કરવો તે નક્કી કરવા માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૬ ની જોગવાઇઓને અનુસરવાની રહે છે. આ નિયમોના હેતુસર, સંપાદન થયેલી જમીનનો કબજો સંપાદક સંસ્થાને જે તારીખથી આપવામાં આવે તે તારીખથી તેમને બિનખેતી ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી છે તેમ ગણત્રીમાં લેવાનું રહે છે. જેથી ગામ મોજે:-મેમનગર તા:- ઘાટલોડીયા , જી.અમદાવાદની આ એવોર્ડથી સંપાદિત થયેલ જમીનનો સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી.ધ્વારા બિનખેતી વાણિજ્ય ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન નિયમો/ઠરાવો મુજબ વસુલ કરવાપાત્ર બિનખેતી વાણીજ્ય હેતુનો વિશેષ ધારો પ્રવર્તમાન નિયમો મુજબ રૂ. ૦-૬૦ પૈસા પ્રતિ ચો.મી મુજબ વસુલ કરવાપાત્ર થાય છે. જે મુજબ પ્રવર્તમાન મહેસુલી વર્ષ માટેના બિનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની થતી કુલ રકમ તથા લાગું પડતા અન્ય વેરા સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી. એ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૧ અમદાવાદને ભરપાઇ કરવા ઠરાવું છું . તેમજ તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતો વખત થતા વિશેષ ધારાના સુધારેલ દરોને આધીન ભરવાપાત્ર બીનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની રકમ જે તે મહેસુલી વર્ષમાં જુલાઇ માસની ૩૧ તારીખની અંતિમ મુદત સુધીમાં સંપાદક સંસ્થાએ ભરપાઇ કરવાની રહેશે. તેમ ઠરાવું છું.

(૧૯) **હુકમ :-**

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની જોગવાઇઓને આધીન રહીને અને ઉપરોક્ત વર્ણવેલ તમામ વિગતોને ધ્યાને લઇને આથી જાહેર કરવામાં આવે છે કે મોજે:-મેમનગર તા:- ઘાટલોડીયા, જી.અમદાવાદની પરિશિષ્ટ-એ માં દર્શાવેલ જમીનો અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ માટે સંપાદન કરવામાં આવે છે અને નીચેની વિગતે સંપાદિત જમીનનું વળતર તથા પેરા (૧૬) ની વિગતે મહેકમ ખર્ચ આકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સંપાદન થતી જમીનનું કુલ ક્ષેત્રફળ (પરિશિષ્ટ-એ) | ૫૧.૯૮ ચો.મી. |
| (૨) | સંપાદન થયેલ જમીન/મિલકતનું કુલ વળતર રૂા. (પરિશિષ્ટ-ઇ) | ૧૯,૦૮,૯૬૬/- |
| (૩) | હિતધારક/કબજેદારોને ચુકવવાપાત્ર બાંધકામનું વળતર રૂ. (પરિશિષ્ટ-ડી) | ૧૦,૮૩૮/- |
| (૪) | હિતધારક/કબજેદારોને ચુકવવાપાત્ર કુલ વળતર રૂ.(પરિશિષ્ટ-એફ) | ૧૯,૧૯,૮૦૪/- |
| (૫) | એવોર્ડની કુલ રકમના ૧% પ્રમાણે મહેકમ ખર્ચ રૂા. | ૧,૦૦,૦૦૦/- |
| (૬) | રુપાંતર કરની રકમ રૂ. | ૧૫૫૯/- |
| (૭) | એવોર્ડની કુલ રકમ રૂ. (૪+૫+૬) | ૨૦,૨૧,૩૬૩/- |

ઉપરોક્ત વિગતે ક્રમ (૨) અને (૩) થી જણાવેલ અનુક્રમે ચૂકવવા પાત્ર સંપાદિત જમીનનું વળતર (પરિશિષ્ટ-ઇ) અને બાંધકામનું વળતર (પરિશિષ્ટ-ડી) નું એકત્રિત પરિશિષ્ટ-એફ મુજબ થતું વળતર, સંપાદિત જમીનના કબજેદાર/હિતધારકોને ચૂકવવા અને ઉપરોક્ત વિગતે ક્રમ (૫) માં જણાવેલ મહેકમ ખર્ચની રકમ અત્રેની કચેરી ખાતે જમા કરાવવા માટે હુકમ કરવામાં આવે છે. ક્રમ (૬) માં જણાવેલ રૂપાંતર કરની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા માટે અત્રેની કચેરી ખાતે જમા કરાવવા તથા પેરા-(૧૮) મુજબ ભરવાપાત્ર બિનખેતી આકાર સંપાદક સંસ્થાએ બારોબાર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૧ અમદાવાદને ને ભરપાઇ કરવા ઠરાવુ છુ.

(૨૦) સંપાદીત થતી જમીનનો કબજો સંભાળ્યા તારીખથી તે જમીનનું ક્ષેત્રફળ તથા તેનો ખેતીનો વરાડે આકાર કમી કરવાની કમીજાસ્તી પત્રકોની અસર આપવાની તથા સંપાદિત જમીનની બિનખેતી મહેસુલની આકારણી કરવાની કાર્યવાહી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીનં-૧ અમદાવાદને એ કરવાની રહેશે. તેમજ સદરહું એવોર્ડથી સંપાદિત થતી જમીનની નોંધ સંબંધિત મહેસુલી રેકર્ડમાં કરવાની રહેશે.

(૨૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૧ અમદાવાદને સદરહું એવોર્ડ મુજબ સંપાદિત થતી જમીનની કપાતની અસર આપવા માટે કમીજાસ્તી પત્રક તૈયાર કરીને સંબંધિત મહેસુલી રેકર્ડમાં જરૂરી સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

સ્થળ:- અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ :- ૨૭ /૧૧/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:- ૨૭ /૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

નકલ રવાના:-

(૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૧ અમદાવાદ
જીલ્લા મોજણી ભવન
જુના વાડજ, ભીમજીપુરા, અમદાવાદ.
તરફ જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારૂં.

(૨) ચીફ જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.
બ્લોક નં ૧, કર્મયોગી ભવન
સેકટર-૧૦ એ,ગાંધીનગર.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પરિશિષ્ટ-એ

એલએક્યુ કેસ નં- ૩એ/૨૦૧૮

મોજેઃમેમનગર

તા.ઘાટલોડીયા

જી. અમદાવાદ

સંપાદન થતી જમીનની વિગત દર્શાવતું પત્રક

હેતુઃ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

| અ.નં. | ટી.પી.એસ. | એફ પી નં. | સી.સ.નં. | સંપાદન ક્ષેત્રફળ ચો.મી. | જમીનનો પ્રકાર | જમીનની જાત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧ | ૨૭૨ | ૧૨૯૧ | ૧૬ | ખાનગી | બિનખેતી | |
| ૨ | ૧ | ૨૭૩ | ૧૨૯૦ | ૧૯.૯૮ | ખાનગી | બિનખેતી | |
| ૩ | ૧ | ૨૮૯ | ૧૨૩૫ | ૮ | ખાનગી | બિનખેતી | |
| ૪ | ૧ | ૨૮૯ | ૧૨૮૯ | ૮ | ખાનગી | બિનખેતી | |
| કુલ | | | | ૫૧.૯૮ | | | |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:૨૭ /૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:૨૭/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

પરિશિષ્ટ-બી

વળતર બાબતે હકદાવા અંગેનું પત્રક

એલએક્યુ કેસ નં- ૩એ /૨૦૧૮

મોજે: મેમનગર　　તા.ઘાટલોડીયા　　જી. અમદાવાદ

હેતુ: અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે

| અ.નં | હીત સંબંધ ધરાવનાર | ટી.પી.નં | સી.સ.નં. | ક્ષેત્રફળ ચો.મી .(આશરે) | હક દાવાની રજુઆત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |
| ૧ | શ્રી મટુભાઇ ચુનીલાલ પટેલ પિંકેશ જગદીશ બબ્બર | ૧ | ૧૨૯૦ | ૩૪ | પ્રશ્નવાળી જમીન માટે અત્રેથી અધિનિયમની કલમ-૨૧(૪)(૫)ની નોટીસમાં ખાતેદાર અને હાલના કબજેદાર તરીકે શ્રી મટુભાઇ ચુનીલાલ પટેલને નામે નોટીસ કાઢેલ અલબત હિતધારક શ્રી પિંકેશ જગદીશ બબ્બરે સુનાવણી વખતે રજુઆત કરેલ છે કે પ્રશ્નવાળી જમીનના માલિક/ખાતેદાર હાલ શ્રી મટુભાઇ ચુનીલાલ પટેલ નથી પણ સ્થળ ઉપરની જગ્યા તેમની માલિકીની છે જેમ તેમની ચારની દુકાનો છે. જે ૮૮૦ ચો. ફુટ થાય છે. જે અંગેના દસ્તાવેજની નકલ એમણે રજુ કરેલ છે. જેથી તેમને વળતર મેળવવાની રજુઆત છે. |
| ૨ | જાનુ એન્ટર પ્રાઇસ વતી (કર્ણાવતી ટોયલ્ટી પ્રા.લી.) | ૧ | ૧૨૩૫ | ૫૨ | પ્રશ્નવાળી જમીન સંપાદન કરવા સામે તેમણે વાંધા દર્શાવેલ છે. |

એવોર્ડ લખ્યા તારીખ: ૨૭/૧૧ /૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૨૭ /૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી

અમદાવાદ

પરિશિષ્ટ-સી

SHEET-I

# Metro Link Express For Gandhinagar And Ahmedabad Project

Village : Memnagar, Taluka::Ghatlodiya , District : Ahmedabad

CALCULATION OF MARKET VALUE OF LAND, BASED ON SALE DEED OF URBAN LAND, REGISTERED DURING

| Sr No. | Value Zone NO | T.P.No | F.P.No | Survey No./Block No/City S.No | Sale Deed No. | Date Of Registration Of Sale Deed | Nature Of Land | Quantity Of Land Sold In Sq.Mt | Cost Of Land Rs. | Rate Per Sq. M. Rs. | Average Of Rate Per Sq.M. Rs. | Distance from acquiring land K.M. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| છેલ્લા ત્રણ વર્ષના ઉપલબ્ધ વેચાણના ઉતારાઓમાં ટી.પી. ૧ માં કોઇ ખુલ્લા પ્લોટના વેચાણ ઉપલબ્ધ નથી. | | | | | | | | | | | | |

Second Add. Special land Acquisition Officer,
Ahmedabad

પરિશિષ્ટ-સી

SHEET-II

મોજે:મેમનગર

એલએક્યુ કેસ નં. -૩એ/૨૦૧૮

## સંપાદન હેઠળની સર્વે નંબર ની જમીનના સ્વીકારેલ બજાર ભાવોની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | ટી.પી. નં. | એફ પી નં. | સીટી સર્વે નંબર | વેલ્યુઝોન નંબર | જમીનનો ઉપયોગ હેતુ ગા.ન.નં. ૭/૧૨ મુજબ | જંત્રી મુજબનો ભાવ | છેલ્લા ત્રણ વર્ષના વેચાણના વેચાણોની સરેરાશ કિંમત | નક્કી કરેલ બજાર કિંમત રૂા. / ચો.મી. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૧ | ૨૭૨ | ૧૨૯૧ | ૪૭/૧/૨/એ | બિનખેતી | ૧૬૨૫૦ | ઉપલબ્ધ નથી | ૧૬૨૫૦ | |
| ૨ | ૧ | ૨૭૩ | ૧૨૯૦ | ૪૭/૧/૨/એ | બિનખેતી | ૧૬૨૫૦ | ઉપલબ્ધ નથી | ૧૬૨૫૦ | |
| ૩ | ૧ | ૨૮૯ | ૧૨૩૫ | ૪૭/૧/૨/એ | બિનખેતી | ૧૬૨૫૦ | ઉપલબ્ધ નથી | ૧૬૨૫૦ | |
| ૪ | ૧ | ૨૮૯ | ૧૨૮૯ | ૪૭/૧/૨/એ | બિનખેતી | ૧૬૨૫૦ | ઉપલબ્ધ નથી | ૧૬૨૫૦ | |
| કુલ- | | | | | | | | | |

એવોર્ડ લખ્યા તારીખ:૨૭ /૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:૨૭ /૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૩એ/૨૦૧૮

## પરિશિષ્ટ-ડી

## હિતધારક ટાઇટલ હોલ્ડર્સને બાંધકામ વિગેરેનું વળતર

મોજે: મેમનગર      તા. ઘાટલોડીયા      જી. અમદાવાદ

| અ. નં. | ટી.પી.નં. | એફ પી નં. | સી.સ.નં. | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી) | જમીનનો પ્રકાર | સંપાદિત જમીનમાં સ્થિત બાંધકામનો પ્રકાર | આઇ.ડી. ક્રમાંક | બાંધકામનું વળતર રૂ. | ૧૦૦% સોલેશ્યમ રૂ. (એવોર્ડ પેરા- ૧૨ ની વિગતે) | વળતરની કુલ રકમ રૂ. | હિતધારક કબજેદારનાં નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૧ | ૨૭૨ | ૧૨૯૧ | ૧૬.૦૦ | બિનખેતી | કંપાઉન્ડ વોલ અને જાળી | ૩ | ૨૧૮૨ | ૨૧૮૨ | ૪૩૬૪ | અરૂણભાઈ મહાબલપ્રસાદ, તેજપાલસીંગ ઈશ્વરસીંગ, અમરજીતકૌર તેજલસીંહ (ઈશ્વર કોમ્પલેક્ષ) |
| ૨ | ૧ | ૨૭૩ | ૧૨૯૦ | ૧૯.૯૮ | બિનખેતી | - | ૨ | - | - | - | મફભાઈ ચુનીલાલ પટેલ, (પિંકેશ જગદીશભાઈ બબ્બર વગેરે), (વિ.જે.ટાયર્સ) |
| ૩ | ૧ | ૨૮૯ | ૧૨૩૫ | ૮.૦૦ | બિનખેતી | - | ૪ | - | - | - | ભવરસીંગ રાઠૌર, અમરજીત બી. રાઠૌર, (ડીજીટલ સ્ટુડીયો) |
| ૪ | ૧ | ૨૮૯ | ૧૨૮૯ | ૮.૦૦ | બિનખેતી | કંપાઉન્ડ વોલ | ૧ | ૩૨૩૭ | ૩૨૩૭ | ૬૪૭૪ | પ્રવીણસીંહજી વિજયસીંહજી,અજીતસીંહજી તખસીંહજી, સાઈલસીંહજી ઉદેસીંહજી, અરવીંદાબેન રમણલાલ, કુસુમબેન ચીમનલાલ શાહ, પ્રભાકર માધવરાય (ભરતભાઈ રમણીકલાલ કોઠારી) |
| કુલ | | | | ૫૧.૯૮ | | | - | ૫૪૧૯ | ૫૪૧૯ | ૧૦૮૩૮ | |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:૨૭/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:૨૭/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ

<u>પરિશિષ્ટ-ઇ</u>

<u>સંપાદન થયેલ જમીન મિલકતના એકંદર વળતરની વિગત</u>

મોજે: મેમનગર તા. ઘાટલોડીયા જી. અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૩એ/૨૦૧૮

| અ.નં | ટી.પી.નં. | એફ પી નં. | સીટી સ.નં. | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી | જમીનનો પ્રકાર | જમીનની જાત | હિતધારક/ કબજેદારનું નામ | સંપાદન જમીનની સ્વીકારેલ બજાર કિંમત (પરિશિષ્ટ-સી ના Sheet-II મુજબ) રૂ./ ચો.મી | મલ્ટી પ્લાઇંગ ફેક્ટર | સંપાદિત જમીનની એકંદર બજાર કિંમત રૂ./ ચો.મી | સંપાદિત જમીનની કુલ કિંમત રૂ. | ૧૦૦% સોલેશ્યમ રૂ. (એવોર્ડ પેરા-૧૨ની વિગતે) | ૧૨% ભાવ વધારો તા. ૨૮/૦૯/૨૦૧૮થી તા.૨૭/૧૧/૨૦૨૦ સુધી ૨૬ મહિના (એવોર્ડ પેરા- ૧૩ ની વિગતે) | સંપાદિત જમીનનું કુલ વળતર રૂ. (કોલમ ૧૨+૧૩+૧૪) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | ૧ | ૨૭૨ | ૧૨૯૧ | ૧૬.૦૦ | ખાનગી | બિનખેતી | અરૂણભાઈ મહાબલપ્રસાદ, તેજપાલસીંગ ઈશ્વરસીંગ, અમરજીતકૌર તેજલસીંહ (ઈશ્વર કોમ્પલેક્ષ) | ૧૬૨૫૦ | ૧ | ૧૬૨૫૦ | ૨૬૦૦૦૦ | ૨૬૦૦૦૦ | ૬૭૬૦૦ | ૫૮૭૬૦૦ | |
| ૨ | ૧ | ૨૭૩ | ૧૨૯૦ | ૧૯.૯૮ | ખાનગી | બિનખેતી | મટુભાઈ ચુનીલાલ પટેલ, (પિંકેશ જગદીશભાઈ બબ્બર વગેરે), (વિ.જે.ટાયર્સ) | ૧૬૨૫૦ | ૧ | ૧૬૨૫૦ | ૩૨૪૬૭૫ | ૩૨૪૬૭૫ | ૮૪૪૧૬ | ૭૩૩૭૬૬ | |
| ૩ | ૧ | ૨૮૯ | ૧૨૩૫ | ૮.૦૦ | ખાનગી | બિનખેતી | ભવરસીંગ રાઠૌર, અમરજીત બી. રાઠૌર, (ડીજીટલ સ્ટુડીયો) | ૧૬૨૫૦ | ૧ | ૧૬૨૫૦ | ૧૩૦૦૦૦ | ૧૩૦૦૦૦ | ૩૩૮૦૦ | ૨૯૩૮૦૦ | |
| ૪ | ૧ | ૨૮૯ | ૧૨૮૯ | ૮.૦૦ | ખાનગી | બિનખેતી | પ્રવીણસીંહજી વિજયસીંહજી,અજીતસીંહજી તખસીંહજી, સાઈલસીંહજી ઉદેસીંહજી, અરવીંદાબેન રમણલાલ, કુસુમબેન ચીમનલાલ શાહ, પ્રભાકર માધવરાય (ભરતભાઈ રમણીકલાલ કોઠારી) | ૧૬૨૫૦ | ૧ | ૧૬૨૫૦ | ૧૩૦૦૦૦ | ૧૩૦૦૦૦ | ૩૩૮૦૦ | ૨૯૩૮૦૦ | |
| કુલ | | | | ૫૧.૯૮ | | | | | | | ૮૪૪૬૭૫ | ૮૪૪૬૭૫ | ૨૧૯૬૧૬ | ૧૯૦૮૯૬૬ | |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૨૭/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૨૭ /૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી

અમદાવાદ

એલએક્યુ કેસ નં- ૩એ/૨૦૧૮

# પરિશિષ્ટ-એફ

## સંપાદન થયેલ જમીનના હિતધારક/કબજેદારો (ટાઇટલ હોલ્ડર) ને ચુકવવાપાત્ર એકત્રિત વળતરની રકમ

મોજેઃ મેમનગર તા. ઘાટલોડીયા જી. અમદાવાદ

| અ. નં. | ટી.પી.નં. | એફ પી નં. | સીટી સ.નં. | સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ ચો.મી | જમીનનો પ્રકાર | જમીનની જાત | પરિશિષ્ટ-જી મુજબ બાંધકામ વિગેરેનું વળતર રૂ. | પરિશિષ્ટ-ઇ મુજબ સંપાદિત જમીનનું ચુકવવા પાત્ર વળતર રૂ. | કુલ ચુકવવા પાત્ર વળતર (૮+૯) રૂ. | હિતધારક કબજેદારનાં નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૧ | ૨૭૨ | ૧૨૯૧ | ૧૬.૦૦ | ખાનગી | બિનખેતી | ૪૩૬૪ | ૫૮૭૬૦૦ | ૫૯૧૯૬૪ | અરૂણભાઈ મહાબલપ્રસાદ, તેજપાલસીંગ ઈશ્વરસીંગ, અમરજીતકૌર તેજલસીંહ (ઈશ્વર કોમ્પલેક્ષ) |
| ૨ | ૧ | ૨૭૩ | ૧૨૯૦ | ૧૯.૯૮ | ખાનગી | બિનખેતી | ૦ | ૭૩૩૭૬૬ | ૭૩૩૭૬૬ | મફુભાઈ ચુનીલાલ પટેલ, (પિંકેશ જગદીશભાઈ બબ્બર વગેરે), (વિ.જે.ટાયર્સ) |
| ૩ | ૧ | ૨૮૯ | ૧૨૩૫ | ૮.૦૦ | ખાનગી | બિનખેતી | ૦ | ૨૯૩૮૦૦ | ૨૯૩૮૦૦ | ભવરસીંગ રાઠૌર, અમરજીત બી. રાઠૌર, (ડીજીટલ સ્ટુડીયો) |
| ૪ | ૧ | ૨૮૯ | ૧૨૮૯ | ૮.૦૦ | ખાનગી | બિનખેતી | ૬૪૭૪ | ૨૯૩૮૦૦ | ૩૦૦૨૭૪ | પ્રવીણસીંહજી વિજયસીંહજી,અજીતસીંહજી તખસીંહજી, સાર્દુલસીંહજી ઉદેસીંહજી, અરવીંદાબેન રમણલાલ, કુસુમબેન ચીમનલાલ શાહ, પ્રભાકર માધવરાય (ભરતભાઈ રમણીકલાલ કોઠારી) |
| કુલ | | | | ૫૧.૯૮ | | | ૧૦૮૩૮ | ૧૯૦૮૯૬૬ | ૧૯૧૯૮૦૪ | |

સ્થળ: અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ: ૨૭/૧૧/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ: ૨૭/૧૧/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી,
અમદાવાદ